# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વાલીઓ તથા વિદ્યાર્થીઓને જણાવવાનું કે ઉ.મા.પ્ર. પરીક્ષા ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃતમધ્યમા)ના રીપીટર/ખાનગી/પૃથ્થક ઉમેદવારોની પરીક્ષા તા.૧૫/૦૭/૨૦૨૧ થી શરૂ થનાર છે. પરીક્ષાર્થીઓના પ્રવેશપત્ર (હોલટીકીટ) આજ રોજ **તા.૦૫/૦૭/૨૦૨૧ બપોરે ૧૨:૦૦ કલાકથી** બોર્ડની વેબસાઈટ **gen.gsebht.in** અથવા **gsebht.in** અથવા **gseb.org** પરથી શાળા દ્વારા શાળાનો ઈન્ડેક્ષ નંબર તથા શાળાનો નોંધાયેલ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈ.ડી. દ્વારા લોગઈન કરી ડાઉનલોડ કરી શકાશે. પ્રવેશપત્ર (હોલટીકીટ)ની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના **જુલાઈ-૨૦૨૧** પરીક્ષાના આવેદનપત્ર મુજબના વિષયો/માધ્યમની ખરાઈ કરીને તેમાં પરીક્ષાર્થીનો ફોટો ચોંટાડી, પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ નિયત જગ્યાએ આચાર્યશ્રીના સહી-સિક્કા (અડધી સહી અને સિક્કો ફોટા પર આવે તે રીતે) કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે અને તેની સાથે પરીક્ષાર્થીને પરીક્ષા માટેની સૂચનાપ્રતની પ્રિન્ટ આચાર્યશ્રીએ સહી સાથે ફરજીયાત આપવાની રહેશે. પ્રવેશપત્ર (હોલટીકીટ) સાથે ઓનલાઈન મૂકવામાં આવેલ વિતરણ યાદીમાં પ્રવેશપત્ર (હોલટીકીટ) તથા સૂચનાપ્રત આપ્યા બદલની સહી લેવાની રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે. પરીક્ષાર્થીના વિષયો બાબતે કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીનો જરૂરી આધારો સાથે સંપર્ક કરવો.

(ડૉ. અવનીબા મોરી)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા – ૦૫/૦૭/૨૦૨૧, સોમવાર

સ્થળ - ગાંધીનગર